1. **આવો આવો અલબેલડાજી રે**

**પદ : ૧**

**આવો આવો અલબેલડાજી રે, મોહન કરો મેર રે,**
**આવો આવો અલબેલડાજી રે...... ટેક**
**મેલી ગયા મહાવનમાંજીરે, પ્રેમદાની શી પેર રે.... ૧**
**અમૃત પાઇ ઉછેરીયાંજીરે, જીવન પાઓ માં ઝેર રે.... ૨**
**સુખ અમને શિદ આપીયાંજીરે, વાલા કરવું હતું વેર રે.... ૩**
**ભૂમાનંદ કહે કૃપા કરોજીરે, થાયે લીલા લહેર રે.... ૪**

**પદ : ૨**

**નાથ નમેરી કેમ થયાજી રે, ગુણસાગર ઘનશ્યામ રે.**
**નાથ નમેરી કેમ થયાજી રે......ટેક**
**અમને વેરી ગયા વનમાંજીરે, કોરો કાઢીને જેમ દામ રે...૧**
**સુનાં અમે શું શોભીયેજીરે, ધણી વિના જેમ ધામ રે...૨**
**તમ વિના અમેં તો રહ્યાંજીરે, જીવ વિના જેમ હાડચામ રે. ૩**
**અબળા અમે ક્યાં આવીયેજીરે, ભૂમાનંદના શ્યામ રે...૪**

**પદ : ૩**

**લાધ્યો હરિવર હીરલોજી રે, વિંટી વળી વ્રજનાર રે.**
**લાધ્યો હરિવર હીરલોજી રે.... ટેક**
**મૂર્તિ મનોહર જોઇનેજીરે, પામ્યાં સુખ અપાર રે...૧**
**મોર મુગટ માથે ધર્યોજીરે, ગળે ગુલાબના હાર રે...૨**
**કાંતિમાં ઝાંખા કર્યાજીરે, કાનવર કોટીક માર રે...૩**
**ભૂમાનંદનો નાથ છે જીરે, નેણુંનો શણગાર રે...૪**

**પદ : ૪**

**નાથ ન મેલું વેગળાજી રે, હરિવર આવ્યા છો હાથ રે.**
**નાથ ન મેલું વેગળાજી રે.... ટેક**
**કૃપીનું ધન કરી રાખશુંજીરે, સાચી માનો એ ગાથ રે...૧**
**ઇચ્છો તમે ત્યાં આવીયેજીરે, શ્યામસુંદરતમ સાથ રે...૨**
**તાપ ટાળો અંતરનાજીરે, ભેટો મુને ભરી બાથ રે...૩**
**વહાલા ભૂમાનંદનાજીરે, રાખો અમને સંઘાથરે...૪**

**ટેક..**
**આવો આવો અલબેલડાજી રે..**
**નાથ નમેરી કેમ થયાજી રે..**
**લાધ્યો હરિવર હીરલોજી રે..**
**નાથ ન મેલું વેગળાજી રે..**

**2. હું તો જાઈશ ગિરિધર જોવા રે, મા મુને વારીશ મા**

**પદ : ૧**

**હું તો જાઈશ ગિરિધર જોવા રે, મા મુને વારીશ મા;**
**મારા ઉરમાં છબીલાજીને પ્રોવા રે, મેણલે મારીશ મા...ટેક.**
**જાઈશ જોવા હું તો નંદજીનો લાલો,**
**હાં રે મુને પરમ સનેહી લાગે વાલો રે...મા મુને ૧**
**છેલ છબીલો વાલો કુંજનોવિહારી,**
**હાં રે એ તો જીવનદોરી છે મારી રે...મા મુને ૨**
**વારીશ મા રે તુંને કહું છું રે વહેલું,**
**હાં રે હું તો માથું જાતાં નહિ મેલું રે...મા મુને ૩**
**પ્રેમાનંદના સ્વામીને સારુ,**
**હાં રે કુરબાન કર્યું જીવન મારું રે...મા મુને ૪**

**પદ : ૨**

**હાં રે મેં તો જોયા ચતુર નંદલાલ રે, ઊભા ઓસરીએ;**
**હાં રે કર્યાં તિલક કેસર કેરાં ભાલ રે, સુંદરવર હરિએ...ટેક.**
**શ્વેત પાઘ શિર ઉપર શોભે,**
**હાં રે જોઈ છોગલિયું ચિત્ત લોભે રે...ઊભા ૧**
**શ્વેત હાર પહેર્યા ઉર પર કાજુ,**
**હાં રે બાંધ્યા શ્વેત ફૂલોના બાજુ રે...ઊભા ૨**
**શ્વેતાંબર સર્વે અંગે બિરાજે,**
**હાં રે જોઈ કોટિક કામ છબી લાજે રે...ઊભા ૩**
**પ્રેમાનંદ કહે પલવટ વાળી,**
**હાં રે ચડયા ઘોડલડે વનમાળી રે...ઊભા ૪**

પદ : ૩

વાલો ઘોડલા ખેલાવે ઘનશ્યામ રે, બાઈ મારે આંગણીએ;
મારું ચિત્તડું ચોરે છે સુખધામ રે, આંખડલીની અણીએ...ટેક.
ઘોડલાં ફેરે ને વ્હાલો મુજ સામું હેરે,
હાં રે મુને ન્યાલ કીધી આણે ફેરે રે...બાઈ ૧
ચપળ તોરંગ અતિ વેગે ફરે છે,
હાં રે એ તો ગરુડનો ગર્વ હરે છે રે...બાઈ ૨
સુરનર મુનિજન નીરખે છે પ્રીતે,
હાં રે જાણે ચિત્ર આલેખ્યાં છે ભીંતે રે...બાઈ ૩
રૂડો લાગે છે ખંભે ફરકે છે પટકો,
હાં રે રીજ્યો પ્રેમાનંદ જોઈ લટકો રે...બાઈ ૪

પદ : ૪

હાં રે સખી ના'વા પધારે મહારાજ રે, જીવન જમુનામેં;
સાથે લીધો છે સર્વે સમાજ રે, વ્રજને વિસામે...ટેક.
હળવા રે હળવા વાલો હાલે બજારે;
હાં રે ઊભા નગરવાસી પ્રાણ વારે રે...જીવન ૧
છત્ર ચમર શીર ઉપર રાજે;
હાં રે આગે અગણિત વાજાં વાજે રે...જીવન ૨
ઊતર્યા ગોવિંદ જમુનામેં ના'વા;
હાં રે આવ્યા સુરમુનિ પુષ્પે વધાવા રે...જીવન ૩
ગિરધર નહાય ને ગોપીઓ ગાય;
હાં રે જોઈ પ્રેમાનંદ વારી જાય રે...જીવન ૪

ટેક..

હું તો જાઈશ ગિરિધર જોવા રે, મા મુને વારીશ મા..
હાં રે મેં તો જોયા ચતુર નંદલાલ રે, ઊભા ઓસરીએ..
વાલો ઘોડલા ખેલાવે ઘનશ્યામ રે, બાઈ મારે આંગણીએ..
હાં રે સખી ના'વા પધારે મહારાજ રે, જીવન જમુનામેં..

### 3. મન લીધું મોરલડીની તાનમાં રે

પદ : ૧
મન લીધું મોરલડીની તાનમાં રે,
હું તો મોહી છું છેલાજીના વાનમાં રે. મ૦ ટેક.

સખી આજ ગઇ'તી હું તો પાણીએ રે,
વહાલે મુજને બોલાવી મીઠી વાણીએ રે. મન ૧

વહાલો ઉભા'તા ગોવાળોના સાથમાં રે,
લીધી વંશી મનોહર હાથમાં રે.મન ૨

રૂડાં છોગાં મેલ્યાં રળીયામણાં રે,
ભાળી લીધાં ભુધરજીના ભામણાં રે. મન ૩

મારી લગની લાગી છે નંદલાલમાં રે,
બ્રહ્માનંદને વહાલેજી જોયું વહાલમાં રે. મન ૪

પદ : ૨
ઓરા આવોને નાગર નંદના રે,
આવી વાળોને ઓઘ આનંદના રે. ઓરા ટેક.

વહાલા, હોંસ ઘણી છે મારા મનમાં રે,
તમ આવે ટાઢું થાય તનમાં રે. ઓરા ૧

વહાલા, એકલાં તે કેમ કરી રીજીએ રે,
કાના, આવોને ગોઠડી કીજીએ રે. ઓરા ૨

તમ સાથે બંધાણી પ્રીત ઘાટડી રે,
મારી ઉઘડી હૈડા કેરી હાટડી રે. ઓરા ૩

બ્રહ્માનંદના તે શ્યામ સુજાણ છો રે,
પ્યારા પરમ સ્નેહી મારા પ્રાણ છો રે. ઓરા ૪

પદ : ૩

મન માની મોહન તારી મૂરતિ રે,
એક નિમિષ ન મેલું મારા ઉરથી રે. મન ટેક.

મુને નેહડો જણાયો તારા નેણમાં રે,
રઢ લાગી ન ભૂલું દિન રેણમાં રે. મન ૧

જોયું રૂપ તારું રળીયામણું રે,
બીજું સરવે થયું અળખામણું રે. મન ૨

હું તો ગરક થઇ તારા ગીતમાં રે,
ચડ્યો કેફ અલૌકિક ચિત્તમાં રે. મન ૩

પિયા પ્રેમેથી સેજડી પધારજો રે,
બ્રહ્માનંદને ઘડી માં વિસારજો રે. મન ૪

પદ : ૪

વહાલી લાગે વહાલા તારી વાતડી રે,
છેલા મળીયે ઠરે મારી છાતડી રે. વહાલી ટેક.

રંગભીના રંગાણી તારા રંગમાં રે,
અતિ આનંદ થયો છે મારા અંગમાં રે. વહાલી ૧

હું તો જીવું મોહન તૂંને જોઇને રે,
વળી રાખું આંખડલીમાં પ્રોઇને રે. વહાલી ૨

કાના નેણુંમાં કામણ કીધલાં રે,
રૂડાં લટકાં કરી મન લીધલાં રે. વહાલી ૩

વારી એકાંતે રંગભર આવજો રે,
બ્રહ્માનંદને હસીને બોલાવજો રે. વહાલી ૪

ટેક..

મન લીધું મોરલડીની તાનમાં રે..
ઓરા આવોને નાગર નંદના રે..
મન માની મોહન તારી મૂરતિ રે..
વહાલી લાગે વહાલા તારી વાતડી રે..